ક્રમાંક : જીસીઈઆરટી/ 2021/ ૨૪૬૬૫-૮૪
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ: 07/10/2021

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

**વિષયઃ** એન.એ.એસ.-૨૦૨૧ અમલીકરણ માટે વેકેશન દરમિયાન તારીખ ૧૦ થી ૧૨ નવેમ્બર, ૨૦૨૧ ત્રણ દિવસ માટે ખાસ કિસ્સામાં ધોરણ ૧૦ ની સેમ્પલમાં પસંદ થયેલી શાળાઓ ચાલુ રાખવા પરિપત્ર કરી સૂચના આપવા બાબત

**સંદર્ભઃ** અત્રેની કચેરીની તા.૨૪/૦૯/૨૦૨૧ ની સિંગલ ફાઇલ પર માન. સચિવશ્રી, શિક્ષણ વિભાગની અનુમતિ અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપ જાણો છો તેમ મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન MoE. નવી દિલ્હી, CBSE. નવી દિલ્હી અને NCERT, નવી દિલ્હીના સંકલનમાં વર્ષ ૨૦૨૧માં નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS) **તારીખ ૧૨ નવેમ્બર ૨૦૨૧** ના રોજ સમગ્ર રાષ્ટ્રમાં એક જ સાથે હાથ ધરવાનું આયોજન થયેલ છે. રાજ્ય કક્ષાએ સદર કામગીરી માટે માન. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગરની અનુમતિ અન્વયે એન.એ.એસ.-૨૦૨૧ના અમલીકરણ માટે વેકેશન દરમિયાન તારીખ ૧૦ થી ૧૨ નવેમ્બર, ૨૦૨૧ ત્રણ દિવસ માટે ખાસ કિસ્સામાં ધોરણ ૧૦ ની સેમ્પલમાં પસંદ થયેલી શાળાઓ ચાલુ રાખવાની હોઇ આપને જે તે શાળાના આચાર્યશ્રીઓને પરિપત્ર કરી સૂચના આપશો. આ શાળાઓનું દ્વિતીય સત્ર તા. ૨૨ નવેમ્બરને બદલે ૨૬ નવેમ્બરથી શરૂ કરી શકાશે તેવી પણ જાણ સંબંધિતોને કરવા વિનંતી છે. સદર કામગીરી રાષ્ટ્રવ્યાપી અને અનિવાર્ય હોઇ તેને પૂરતી ગંભીરતાથી લેવા વિનંતી છે.

**નોંધઃ** ધોરણ ૧૦ ની સેમ્પલમાં પસંદ થયેલી શાળાઓની યાદી મળ્યેથી તુરંત આપને મોકલી આપવામાં આવશે.

આભાર સહ,

સ્ટેટ નોડલ ઓફિસર (SNO),
એન.એ.એસ.,૨૦૨૧
નિયામક,
જીસીઇઆરટી, ગાંધીનગર

કમિશ્નર
શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૧/ ૧૦૨૧૫૬-૨૦૨૩૪૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૧૮/૧૦/૨૦૨૧

**નકલ રવાના જાણ તથા અમલ સારૂં.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા